# India announces US$ 200,000 immediate relief assistance to Tonga in the wake of tsunami

January 25, 2022

## ભારતે સુનામી બાદ ટોંગાને 2,00,000  ડોલરની તાત્કાલિક રાહત જાહેર કરી

જાન્યુઆરી 25, 2022

15  જાન્યુઆરી 2022ના રોજ કિંગ્ડમ ઓફ ટોંગા ખાતે એક સુનામી ત્રાટક્યું હતું જેના કારણે અહીં વસતા મોટા ભાગના લોકોને અસર થઈ હતી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ભારે નુકસાન થયું હતું.

2. આ અભૂતપૂર્વ આફતના કારણે થયેલા નુકસાન અને વિનાશ બદલ ભારત રિપબ્લિક ઓફ ટોંગાની સરકાર તથા તેની જનતા પ્રત્યે સહાનુભૂતિ દર્શાવે છે.

3. ફોરમ ફોર ઈન્ડિયા-પેસિફિક આઈલેન્ડ્સ કોઓપરેશન (એફઆઈપીઆઈસી)  હેઠળ નિકટના મિત્ર અને ભાગીદાર હોવાના કારણે તથા ટોંગાના લોકો માટે મિત્રતાપૂર્ણ પ્રતિબદ્ધતા વ્યક્ત કરવા ભારત સરકારે કિંગ્ડમ ઓફ ટોંગા માટે રાહત, પુનઃવસવાટ અને પુનઃનિર્માણ માટે 2,00,000  યુએસ ડોલરની તાત્કાલિક રાહત સહાય જાહેર કરી છે.

4. કુદરતી કટોકટી અને આફતોના સમયે ભારત હંમેશા ટોંગાની પડખે રહ્યું છે જે 2018માં સાઈક્લોન ગીતા વખતે પણ જોવા મળ્યું હતું.  આફતના જોખમમાં ઘટાડો કરવો અને તેનું વ્યવસ્થાપન એ ભારતની ઈન્ડો-પેસિફિક ઓશન્સ ઈનિશિયેટિવ (આઈપીઓઆઈ)નો મહત્ત્વનો સ્થંભ છે જેની વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 2019માં જાહેરાત કરી હતી.

**નવી દિલ્હી**
**જાન્યુઆરી 25, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.